Email
Time Limit

ક્રમાંક:ઉમબ/ઉમા-૮/૨૦૨૧/૪૦૪૪-૭૬
કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોકા નં ૯/૧,ર્ડો.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર,
તારીખ ૧૦/૦૫/૨૦૨૧

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી સંબંધીત.

વિષય- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા માંથી જુનિયર કારકુન તરીકે બઢતી આપવા બાબત.
સંદર્ભ- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક; ફા.ક્ર.ખતપ/૧૫૨૦૨૦/૫૧૨/ઈ તા.૨૬/૪/૨૦૨૧.

ઉપરોક્ત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપના જીલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તારીખ ૧૬/૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ થી અનુદાનિત અને ઉચ્ચતર માધ્યમિક માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સાતમાં પગારપંચનો લાભ આપવામાં આવેલ છે, આ ઠરાવની શરત રાજયની બિનસરકારી નં (૨) માં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની કુલ-૧૦૫૮૮ ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. નાણા વિભાગ દ્વારા ઉકત જગ્યાઓ પૈકી શૈક્ષણિક સંવર્ગની કુલ ૬૮૫૦ ખાલી જગ્યાઓ પુન: જીવીત કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના અ.સ.પત્ર ક્રમાંક: બમશ/૧૧/૨૦૧૮/૧૩૦૯૫૨/ગ તા.૬/૩/૨૦૧૮થી અન્ય સુચના ન મળે ત્યાં સુધી શિક્ષણ સહાયક અને આચાર્ય સંવર્ગ સિવાયના અન્ય કોઈપણ સંવર્ગ પર કોઈને નિમણુંક આપવા તથા આ જગ્યાઓ ભરવા કોઈને પણ "ના વાંધા પ્રમાણપત્ર" ન આપવા માટે જણાવેલ હતું તે અન્વયે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા-૮/૯/બીંશૈ,ભરતી/૨૦૧૮/૧૪૧૫-૪૯ તા.૧૨/૩/૨૦૧૮ના પત્રથી આપને સુચના આપેલ છે.તેમ છતાં આપની કચેરી દ્વારા તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવથી રદ થયેલ જગ્યા પર પટાવાળા માંથી જુનિયર કારકુના સંવર્ગમાં બઢતી આપવામાં આવેલ છે તેની વિગતો આપની કચેરી દ્વારા નીચેના પત્રક મુજબ આપેલ છે.

જે પટાવાળાઓને જુનિયર કલાર્ક તરીકે બઢતી આપવામાં આવેલ છે. તેમાં તારીખ.૬/૩/૨૦૧૮ બાદ પટાવાળામાંથી જુનિયર કારકુનમાં બઢતી આપેલ હોય તો આપની કક્ષાએથી આ કેસોની સંપૂર્ણ ચકાસણી કરી તે પરત્વેનો હકીકતલક્ષી અહેવાલ આપની કચેરીના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય, જરૂરી આધાર- પુરાવા સાથે હાલની અધતન પરિસ્થિતિ ધ્યાને લઈ અત્રેની કચેરીને દિન-૫માં મોકલી આપવા નોંધ લેશો.

| ક્રમ | જિલ્લો | પટાવાળામાંથી જુ.કા.માં આપેલ બઢતી સંદર્ભે મોકલી આપેલ માહિતી | | તા.૧૬/૮/૧૭ના ઠરાવથી રદ થયેલ જગ્યા પર આપેલ બઢતી | કોલમ નં. (૫) પૈકી તા.૬/૩/૨૦૧૮બાદ આપેલ બઢતી.ની સંખ્યા અને તેમની નિમણુક તારીખ |
|---|---|---|---|---|---|
| | | અત્રેની કચેરીના તા.૦૭/૦૨/૧૯ના પત્ર સંદભે જિ.શિ.અધિશ્રી દ્વારા આપેલ માહિતી | અત્રેની કચેરીના તા.૩૦/૦૯/૧૯ના પત્ર સંદભે જિ.શિ.અધિશ્રી દ્વારા આપેલ માહિતી | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | અમદાવાદ-શહેર | ૧૩ | ૧૪ | ૦૪ | |
| ૨ | અમદાવાદ-ગ્રામ્ય | ૦૬ | ૦૬ | ૦૪ | |
| ૩ | અમરેલી | ૦૯ | ૦૯ | ૦૫ | |
| ૪ | આણંદ | ૦૯ | ૧૧ | ૦૬ | |
| ૫ | બનાસકાંઠા | ૦૮ | ૧૫ | ૦૭ | |
| ૬ | ભાવનગર | ૦૮ | ૦૯ | ૦૩ | |
| ૭ | ગાંધીનગર | ૧૭ | ૧૭ | ૦૩ | |
| ૮ | જુનાગઢ | ૧૨ | ૧૧ | ૦૬ | |
| ૯ | ખેડા | ૦૦ | ૦૨ | ૦૨ | |
| ૧૦ | કચ્છ | ૦૨ | ૦૨ | ૦૨ | |
| ૧૧ | મહેસાણા | ૧૪ | ૧૫ | ૦૭ | |
| ૧૨ | નર્મદા | ૦૦ | ૦૧ | ૦૧ | |
| ૧૩ | નવસારી | ૦૮ | ૦૮ | ૦૫ | |
| ૧૪ | પંચમહાલ | ૧૩ | ૧૦ | ૦૬ | |
| ૧૫ | પાટણ | ૦૯ | ૦૯ | ૦૪ | |
| ૧૬ | રાજકોટ | ૧૮ | ૧૮ | ૧૧ | |
| ૧૭ | સાબરકાંઠા | ૧૧ | ૧૧ | ૦૫ | |
| ૧૮ | સુરત | ૦૨ | ૦૨ | ૦૧ | |
| ૧૯ | વડોદરા | ૧૫ | ૧૫ | ૦૮ | |
| ૨૦ | વલસાડ | ૦૯ | ૧૦ | ૦૬ | |
| ૨૧ | તાપી | ૦૨ | ૦૨ | ૦૧ | |
| ૨૨ | અરવલ્લી | ૧૧ | ૧૧ | ૦૯ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | ગીરીસોમનાથ | ૦૨ | ૧૩ | ૦૩ | |
| ૨૪ | છોટા ઉદેપુર | ૧૧ | ૧૧ | ૦૫ | |
| ૨૫ | મહી સાગર | ૦૩ | ૦૩ | ૦૩ | |
| ૨૬ | બોટાદ | ૦૧ | ૦૧ | ૦૧ | |
| ૨૭ | દ્વારકા | ૦૦ | ૦૧ | ૦૧ | |
| ૨૮ | મોરબી | ૦૩ | ૦૩ | ૦૨ | |

સદર બાબતે જે તે સમયે સરકારશ્રીની સૂચનાઓનું ઉલ્લંઘન કરનાર જવાબદાર અધિકારીશ્રી / કર્મચારીઓની ચેનલ ઓફ ઓફ સબ્મીશન પણ મોકલી આપવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
૧૦+ખાસ ઘટક.
ગુ.રા.ગાંધીનગર

અ.સ.પત્ર ક્રમાંક: બમશ/૧૧/૧૦૧૮/૧૩૦૪૫૨/ગ

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: … ૨૦૧૮

જે.એમ.મિસણ

નાયબ સચિવ

સ્નેહીશ્રી :

આ વિભાગના તારીખ ૧૬/૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૯૮/ગથી રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણો અન્વયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં.૧૦માં "વર્ગ-૩ની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે" તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આથી આ વિભાગની અન્ય સૂચના ના મળે ત્યાં સુધી શિક્ષણ સહાયક અને આચાર્ય સંવર્ગ સિવાયના અન્ય કોઇપણ સંવર્ગ પર કોઇને પણ નિમણૂંક આપવી નહી કે આ જગ્યાઓ કે જગ્યા ભરવા કોઇને પણ "ના વાંધા પ્રમાણપત્ર" પણ આપવું નહી.

હાલમાં રાજ્યની બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં મંજૂર સંવર્ગો પૈકી શિક્ષણ સહાયક અને આચાર્યની જગ્યાઓની પસંદગી માટેના નિયમો અમલમાં છે. પરંતુ, બિનશૈક્ષણિક કર્મચારીઓની પસંદગી લેખિત પરીક્ષાથી કરવા અંગેની કોઇ ચોક્કસ પધ્ધતિ હાલમાં અમલમાં નથી. આ કારણે દરેક સંસ્થા દીઠ બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતીમાં તફાવત અને વિસંગતતાઓ જોવા મળે છે અને આ જ કારણે ભ્રષ્ટાચારના આક્ષેપો થાય છે. આ પરિસ્થિતિમાંથી બચવા માટે એક પારદર્શક, મુક્ત, ન્યાયી અને સર્વસામાન્ય ભરતી પ્રક્રિયા હોય તે અનિવાર્ય છે.

આ વિભાગના તારીખ ૧૬/૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૯૮/ગની શરત નં.૧૦ મુજબ જે સંવર્ગો માટેની ભરતી અંગેના લેખિત પરીક્ષાના નિયમો અમલમાં નથી તેવા

Scanned with CamScanner

સંવર્ગો માટે રાજ્ય સરકારની માન્ય ભરતી પસંદગી સંસ્થાઓ દ્વારા વર્ગ-૩ની લેવામાં આવતી પરીક્ષાની તરહ પર (અભ્યાસક્રમ, પરીક્ષા પધ્ધતિ, ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા તથા અનામતની જોગવાઇ સહિત) અનુદાનિત શાળાઓના વર્ગ-૩ના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે પણ લેખિત પરીક્ષાના સૂચિત નિયમો બનાવી (સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં) વિભાગની મંજૂરી અર્થે વિગતવાર દરખાસ્ત રજૂ કરશો.

આપનો

(જે.એમ.મિસણ)

પ્રતિ,
શ્રી જે.ડી.દેસાઇ, IAS,
નિયામકશ્રી, શાળાઓ,
શાળાઓની કચેરી,
બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

Scanned with CamScanner

ક્રમાંક:ઉમબ/ઉમા.૮/૯/બીનશૈ.ભરતી/૧૮/ ૧૭૭૫-૭૮

કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક ન. ૯/૧ , ડો.જી.મ.ભવન,
ગાંધીનગર તા. ૧૨ –૩–૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

વિષય :– બીન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી બાબત.

સંદર્ભ :–૧. શિક્ષણ વિભાગનો તા.૧૬/૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૬/૭૮૮/ગ

૨. શિક્ષણ વિભાગનો તા.૬/૩/૧૮નો અસ.પત્ર.ક્રમાંક:બમશ/૧૧/૨૦૧૮/૧૩૦૯૫૨/ગ.

ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે સંદર્ભ–૧માં દર્શાવેલ તા.૧૬/૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૬/૭૮૮/ગ થી રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણો અન્વયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં(૧૦) માં " વર્ગ –૩ ની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહે છે" તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.આથી શિક્ષણ વિભાગની અન્ય સુચના ન મળે ત્યાં સુધી શિક્ષણ સહાયક અને આચાર્ય સંવર્ગ સિવાયના અન્ય કોઈપણ સંવર્ગ પર કોઈને પણ નિમણૂંક આપવી નહિ કે આ જગ્યાઓ કે જગ્યા ભરવા કોઈને પણ " ના વાંધા પ્રમાણપત્ર " પણ આપવું નહિ તેવી સુચનાઓ સંદર્ભ (૨) માં દર્શાવેલ પત્રથી મળેલ છે.

હાલમાં રાજયની બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં મંજુર સંવર્ગો પૈકી શિક્ષણ સહાયક અને આચાર્યની જગ્યાઓની પસંદગી માટેના નિયમો અમલમાં છે. પરંતુ બિનશૈક્ષણિક કર્મચારીઓની પસંદગી લેખિત પરીક્ષાથી કરવા અંગેની કોઈ ચોકકસ પધ્ધતિ હાલમાં અમલમાં નથી.આ કારણે દરેક સંસ્થા દીઠ બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતીમાં તફાવત અને વિસંગતતાઓ જોવા મળે છે અને આજ કારણે ભ્રષ્ટાચારના આક્ષેપો થાય છે.આ પરિસ્થિતિમાંથી બચવા માટે એક પારદર્શક, મુકત, ન્યાયી અને સર્વ સામાન્ય ભરતી પ્રક્રિયા હોય તે અનિવાર્ય છે.

શિક્ષણ વિભાગના તા.૧૬–૮–૨૦૧૭ ના ઠરાવની શરત નં.(૧૦) મુજબ જે સંવર્ગો માટેની ભરતી અંગેના લેખિત પરીક્ષાના નિયમો અમલમાં નથી તેવા સંવર્ગો માટે રાજય સરકારની માન્ય ભરતી પસંદગી સંસ્થાઓ ધ્વારા વર્ગ ૩ ની પરીક્ષાની તરાહ પર (અભ્યાસક્રમ,પરીક્ષા પધ્ધતિ,ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા તથા અનામતની જોગવાઈ સહિત ) અનુદાનિત શાળાઓના વર્ગ ૩ ના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે પણ લેખિત પરીક્ષાના નિયમો બનાવવાનું વિચારણા હેઠળ હોઈ હવે પછી અત્રેથી બીજી સુચના આપવામાં ન આવે ત્યાંસુધી કોઈપણ શાળાઓને આચાર્ય અને શિક્ષક સિવાયની કોઈપણ વર્ગ ૩ ની બિનશૈક્ષણિક જગ્યાઓની ભરતી માટે એન.ઓ.સી.આપવી નહિ. આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

12/3/18

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ , ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારુઃ–
નાયબ સચિવશ્રી,શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર

12/3/18

Scanned with CamScanner